

જ્યાં સુધી આત્મામાં સુખ છે એવો ભાસ ન થાય અને પરમાં સુખ નથી એવો ભાસ ન થાય ત્યાં સુધી એને આત્માનો અનાદર વર્તે છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ


કહાન સં. ૨૦ સં. ૨૦૫૬ [૬૭૪] * આત્મધર્મ * [અંક-૬ વર્ષ-૫૬] વીર સં. ૨૫૨૬ ડિસેમ્બર-૧૯૯૯

# આગમ—મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ વ્યવહારનય અભૂતાર્થ છે અને શુદ્ધનય ભૂતાર્થ છે એમ ઋષીશ્વરોએ દર્શાવ્યું છે; જે જીવ ભૂતાર્થનો આશ્રય કરે છે તે જીવ નિશ્ચયથી સમ્યગ્દષ્ટિ છે. ૬૦૦.

(શ્રી કુંદકુંદાચાર્ય, સમયસાર ગાથા-૧૧)

❀ જો આત્મા પોતાની જાતને ઉત્કૃષ્ટ દેખે, તેની સાથે ક્રીડા કરે, તેના જ માટે હિતસ્વરૂપ રહે, તેનાથી જ તે સુખી થાય, તેનો જ સંબંધ તે પામે અને તેમાં જ તે સ્થિત થાય; તો તે આનંદરૂપ અમૃતનો સમુદ્ર બની જાય છે. અધિક શું કહેવું ? સમસ્ત ઉપદેશોનું કેવળ આ જ રહસ્ય છે. ૬૦૧.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, ધર્મોપદેશામૃત, શ્લોક-૧૫૨)

❀ શુદ્ધ ચિદ્રૂપને ભજનાર મનુષ્યોનું ક્ષુધા, તરસ, રોગ, વા ઠંડી, ગરમી, પાણી, અને વાણીથી, શસ્ત્ર, રાજાદિના ભયથી, સ્ત્રી, પુત્ર, શત્રુ, નિર્ધનતા, અગ્નિ, બેડી, ગાય આદિ પશુ તથા અશ્વ, ધન, કંટકથી, સંયોગ, વિયોગ, ડાંસ, પતન, ધૂળથી, માનભંગ આદિથી ઉત્પન્ન થતું દુઃખ, ક્યાં જતું રહે છે તે અમે જાણતા નથી. ૬૦૨.

(શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધ્યાય-૨, ગાથા-૩)

❀ રાગાદિનું નામ જ હિંસા, અધર્મ અને અવ્રત છે તથા નિશ્ચયથી તેના ત્યાગનું જ નામ અહિંસા, વ્રત અથવા ધર્મ છે.

તેથી જે આગમમાં સ્વ અને પર પ્રાણીઓની અહિંસાનો સિદ્ધાંત માનવામાં આવ્યો છે તે માત્ર સ્વાત્મરક્ષાના માટે જ છે, પણ તે પરના માટે નથી. ૬૦૩.

(શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૭૫૪-૭૫૫)

❀ આ જગતમાં અનંત જીવ એવા છે કે જેને દ્વીન્દ્રિયાદિ સ્વરૂપની પ્રાપ્તિ કદી થઈ નથી. મિથ્યાત્વાદિ ભાવકલંકથી ભરેલ જીવ સર્વ કાળ નિગોદવાસને છોડતાં નથી. સૂક્ષ્મ વનસ્પતિરૂપથી રહેલ એવા જીવ અનંત છે. (આ સંસારમાં જીવને ત્રસપણું પ્રાપ્ત થવું અત્યંત દુર્લભ છે.) ૬૦૪.

(શ્રી કુંદકુંદાચાર્ય, મૂલાચાર, પર્યાપ્તિ અધિકાર, ગાથા-૧૮૭)

❀ હે નાથ ! જે બુદ્ધિમાન મનુષ્ય આ સ્તોત્રનો નિરંતર (હરહંમેશ) પાઠ કરે છે તે ઉન્મત્ત હાથી, સિંહ, દાવાનળ, સર્પ, યુદ્ધ, સમુદ્ર, જલોદર અને બંધન વિગેરેથી થતાં ભયથી તુરત જ મુક્ત થઈ જાય છે, મતલબ કે એવા લોકો આગળથી ભય ડરી ગયો હોય તેમ નષ્ટ થઈ જાય છે. ૬૦૫.

(શ્રી માનતુંગ આચાર્ય, ભક્તામરસ્તોત્ર, શ્લોક-૪૭)

*

કહાન
સંવત-૨૦
વર્ષ-૫૬
અંક-૬
[૬૭૪]

# આત્મધર્મ

વીર
સંવત
૨૫૨૬
સં. ૨૦૫૬
Dec.
A.D. 1999

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## મુક્તિનું કારણ સ્વદ્રવ્યનું ધ્યાન છે

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૯૩)

આ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. બીજા અધિકારની ૨૯મી ગાથા ચાલે છે.

ભાવાર્થ :—જગતના પદાર્થોના સ્વરૂપને નિઃસંદેહપણે જાણવા તે વ્યવહારે સમ્યગ્જ્ઞાન છે. દ્રવ્યો કેવા છે?—કે દ્રવ્યો સત્તારૂપ છે, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ છે, ગુણપર્યાયને ધારણ કરે છે અને બધાં દ્રવ્યો સપ્તભંગી સ્વરૂપ છે, આવા દ્રવ્યોના સ્વરૂપને જે નિઃસંદેહપણે જાણે, સ્વ અને પરને ઓળખે એવો જે આત્મભાવ તે સમ્યગ્જ્ઞાન છે.

(૧) સત્તા (૨) ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય અને (૩) ગુણ-પર્યાયથી વસ્તુનું સ્વરૂપ આગળ કહેવાય ગયું છે. હવે સપ્તભંગીથી શું છે?—તે કહે છે. દરેક દ્રવ્ય પોતાની અવસ્થાથી ઉપજે છે અને બીજાની અવસ્થાથી ઉપજતાં નથી એમ અસ્તિ-નાસ્તિથી વસ્તુનું સ્વરૂપ જેમ છે તેમ સમજવું, બરાબર જાણવું અને પોતાના આત્માને 'સ્વ' અને પોતાથી પર અન્ય દ્રવ્યને 'પર' જાણવા તે વ્યવહાર સમ્યગ્જ્ઞાન છે. શુદ્ધ જ્ઞાનાનંદમૂર્તિ તે હું અને રાગાદિ તથા શરીરાદિ તે પર છે એમ વિકલ્પવાળા જ્ઞાનમાં નક્કી કરવું તે પણ સમ્યગ્જ્ઞાન છે. તે વ્યવહાર પરિણામ છે અને નિશ્ચય સમ્યગ્જ્ઞાનના પરિણામ તો સાથે હોય જ છે.

આત્માનું સ્વસંવેદન તે નિશ્ચય છે પણ અહીં મુખ્યપણે વ્યવહારની વાત કરી છે. નિશ્ચય-વ્યવહાર બંને સાથે જ હોય છે.

મૂઢ અજ્ઞાનીને તો સ્વ કોણ અને પર કોણ તેનો વિવેક જ નથી. જેને સ્વ

અને પરનો વિવેક જાગૃત થયો છે એવા જ્ઞાનીને વિકલ્પવાળા જ્ઞાનમાં કેવો તત્ત્વવિચાર ચાલે છે તે વાત અહીં બતાવી છે.

સારાંશ એ છે કે વ્યવહારનયથી વિકલ્પસહિત અવસ્થામાં તત્ત્વવિચારના સમયે સ્વ અને પરના જાણપણાને 'જ્ઞાન' કહ્યું છે અને નિશ્ચયનયથી વીતરાગ નિર્વિકલ્પ સમાધિસમયે પદાર્થોનું જાણપણું મુખ્ય નથી. કેવળ સ્વસંવેદનજ્ઞાન જ નિશ્ચય સમ્યગ્જ્ઞાન છે. અહીં પ્રથમ વ્યવહારજ્ઞાનની વાત કરીને પછી નિશ્ચયની વાત કરી છે પણ બંને જ્ઞાન એકસાથે હોય છે. વિચારશ્રેણીમાં ક્રમ પડે છે પણ જ્ઞાનમાં ક્રમ નથી.

રાગસહિત વિચાર અવસ્થાના કાળે આ જ્ઞાનસ્વરૂપી આત્મા હું છું અને આ શરીર, કર્મ આદિ પર છે એવું સ્વ-પરની ભિન્નતાનું બરાબર જ્ઞાન કરવું તે રાગમિશ્રિત હોવાથી વ્યવહારજ્ઞાન છે, પુણ્યબંધનું કારણ છે અને સાચું હોવાથી સમ્યગ્જ્ઞાન છે.

નિશ્ચયનયથી વીતરાગ નિર્વિકલ્પ સમાધિના સમયે છ દ્રવ્યોનું જ્ઞાન કે સ્વ-પરનું ભેદજ્ઞાન મુખ્ય નથી, શુદ્ધસ્વરૂપના અનુભવ સમયે તે ગૌણ થઈ જાય છે. રાગરહિત સ્વસંવેદનજ્ઞાન જ નિશ્ચયજ્ઞાન છે, સાચું જ્ઞાન છે અને મોક્ષનો માર્ગ છે. તેમાં નિર્વિકલ્પ વેદનની મુખ્યતા છે અને સ્વ-પરનું જ્ઞાન ગૌણ છે. વિચારકાળમાં છ દ્રવ્ય અને સ્વ-પરના જ્ઞાનની મુખ્યતા છે પણ જ્ઞાનસૂર્ય ચિદાનંદસ્વરૂપની અંતર-એકાગ્રતાના કાળમાં તેની મુખ્યતા નથી અને વિચારકાળમાં સ્વ-પરનો વિચાર મુખ્ય છે. ખરેખર, સ્વસંવેદનજ્ઞાન જ સાચું જ્ઞાન છે અને સ્વ-પરનું તથા છદ્રવ્યનું જ્ઞાન વ્યવહારથી સાચું છે. જેને છ દ્રવ્યના સ્વરૂપના જ્ઞાનના જ ઠેકાણાં નથી અને અમે ધર્મ કરીએ છીએ એમ માને છે તેને તો ધર્મના સ્વરૂપની જ ખબર નથી.

ભાઈ ! એકવાર સમજ તો ખરો કે અંતરમાં આત્મા શુદ્ધ ચિદાનંદ મૂર્તિ છે તેનું સ્વસંવેદનજ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે. સ્વસંવેદનના કાળમાં છ દ્રવ્ય આદિનું જ્ઞાન ગૌણ હોય છે અને જ્યારે વિચારકાળમાં છ દ્રવ્યાદિનું જ્ઞાન મુખ્ય થાય છે ત્યારે સ્વસંવેદનજ્ઞાન લબ્ધપણે હોય છે. અંતરનું જ્ઞાન વિચારકાળે છૂટી જતું નથી પણ લબ્ધ રહે છે.

વ્યવહાર સમ્યગ્જ્ઞાન તો પરંપરાએ મોક્ષનું કારણ છે અને નિશ્ચય સમ્યગ્જ્ઞાન સાક્ષાત્ મોક્ષનું કારણ છે.

વ્યવહાર સમ્યગ્જ્ઞાનના વિચારને છોડીને અંતરમાં ઠરે ત્યારે મુક્તિ થાય છે માટે તેને પરંપરા મોક્ષનું કારણ કહ્યું છે. છ દ્રવ્યનું અને સ્વ-પરનું વાસ્તવિક જ્ઞાન નિશ્ચય મોક્ષમાર્ગનું નિમિત્ત ગણાય છે તેને વ્યવહાર કહો, ઉપચાર કહો, નિમિત્ત કહો કે ગૌણ

કહો. તે મોક્ષમાર્ગમાં મુખ્ય નથી. આત્માનું સ્વસંવેદનજ્ઞાન—ચૈતન્યનો અનુભવ જ મોક્ષમાર્ગમાં મુખ્ય છે, યથાર્થ છે, નિશ્ચય છે, સાક્ષાત્ નિર્જરાનું અને મોક્ષનું કારણ છે.

વ્યવહાર સમ્યગ્જ્ઞાનમાં સાથે રાગ હોવાથી તે છૂટે ત્યારે અંતરમાં સ્થિર થઈ શકાય છે માટે વ્યવહારનયે વ્યવહારજ્ઞાનને મોક્ષનું પરંપરા કારણ કહ્યું છે. નિશ્ચયનયથી નિશ્ચયજ્ઞાન જ મોક્ષનું ખરું કારણ છે.

આ ૨૯ ગાથા થઈ. હવે ૩૦મી ગાથામાં ચારિત્રની વ્યાખ્યા કરે છે.

નિજ અને પરદ્રવ્યને જાણીને રાગાદિરૂપે જે પરદ્રવ્યમાં સંકલ્પ-વિકલ્પ છે તેના ત્યાગથી નિજસ્વરૂપમાં જે નિશ્ચલતા થાય છે તે જ્ઞાની જીવોને સમ્યક્ચારિત્ર છે એમ યોગીન્દ્રદેવ ગાથામાં કહે છે.

जाणवि मण्णवि अप्पु परु जो पर-भाउ चएइ ।
सो णिउ सुद्धउ भावडउ णणिहिं चरणु हवेइ ॥३०॥

અર્થ :—સમ્યગ્જ્ઞાનથી સ્વ અને પરને જાણીને અને સમ્યગ્દર્શનથી સ્વ અને પરની શ્રદ્ધા કરીને જે પરભાવને છોડી દે છે તે આત્માનો શુદ્ધભાવ જ જ્ઞાનીપુરુષોનું ચારિત્ર છે. સાચા શ્રદ્ધા-જ્ઞાન કરીને જે સ્વરૂપમાં ઠરે છે તેને ખરું ચારિત્ર છે.

ભાવાર્થ :—આત્મા વીતરાગ સહજાનંદ અદ્વિતીય સ્વભાવી છે અને બીજા પાંચ દ્રવ્યો તેનાથી વિપરીત સ્વભાવવાળા છે, તે સર્વને પ્રથમ તો સમ્યગ્જ્ઞાન વડે જાણે છે. તેમાં પોતાનો આત્મા ઉપરાંત અનંત સિદ્ધો, અનંત નિગોદ, ત્રસ, પરમાણુ, સ્કંધ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ બધાં જ દ્રવ્યોનું જ્ઞાન આવી ગયું. આ વ્યવહારજ્ઞાન છે તોપણ સંશય, વિમોહ અને વિપર્યય રહિત છે. ભ્રમણાથી રહિત સમ્યગ્જ્ઞાનમાં છએ દ્રવ્યો જેમ છે તેમ જણાય છે.

સમ્યગ્જ્ઞાન વડે સર્વને જાણીને સ્વ અને પરની યથાર્થ શ્રદ્ધા એવી કરે કે જેમાં શંકાદિ કોઈ દોષ ન રહે એવી રીતે સારી રીતે જાણીને પ્રતીતિ કરે તેને પણ હજુ શુભવિકલ્પરૂપ વ્યવહાર સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક માયા, મિથ્યાત્વ અને નિદાન આદિ શલ્યોથી માંડીને સમસ્ત ચિંતા સમૂહના ત્યાગથી નિજ શુદ્ધાત્મસ્વરૂપમાં સ્થિર થાય છે ત્યારે તે પરમ આનંદ અતીન્દ્રિય સુખરસના આસ્વાદથી તૃપ્ત થયેલ જીવ જ અભેદનયથી નિશ્ચયચારિત્ર છે.

ભગવાન આત્મામાં અતીન્દ્રિય આનંદ ભર્યો પડ્યો છે. જેવો સિદ્ધને પ્રગટ આનંદ છે તેવો જ આનંદ દરેક જીવમાં શક્તિરૂપે રહેલો છે. એવા અતીન્દ્રિય આનંદની

પ્રથમ તો શ્રદ્ધા અને જ્ઞાન કરે છે પછી તેમાં ઠરે છે ત્યારે તે પરમ અતીન્દ્રિય આનંદથી તૃપ્ત તૃપ્ત થઈ જાય છે એવી દશાને ભગવાન ચારિત્ર કહે છે. આવું ચારિત્ર જ મુક્તિનું કારણ થાય છે.

આવા ચારિત્રવંતને નિઃશલ્યવ્રતી કહેવાય છે કેમ કે તેમને જૂઠું બોલવું, કાંઈ હોય અને બીજું કાંઈ કહેવું એવી માયા-કપટ આદિ ભાવ ન હોય, મિથ્યાત્વનું શલ્ય પણ ન હોય અને કોઈને દેખીને તેમના જેવા થવાનું નિદાન નામનું શલ્ય તે પણ તેમને ન હોય. કેમ ન હોય?–કેમ કે તેઓ આત્માના અતીન્દ્રિય આનંદના વેદનથી એવા તૃપ્ત તપ્ત હોય છે કે કોઈ પ્રકારના શલ્ય તેમને ઊભા જ થતાં નથી, એવી દશાનું નામ 'ચારિત્ર' છે, તેથી અભેદનયથી તે આત્મા જ ચારિત્ર છે.

'આત્મા' એટલે જ્ઞાન અને અતીન્દ્રિય આનંદની મૂર્તિ. શરીર, વાણી, મન, કર્મ આદિ તો પરદ્રવ્ય છે અને અંદરમાં કામ, ક્રોધ, દયા, દાનાદિના વિકલ્પ ઉઠે છે તે વિકાર છે. તે વિકાર વિનાનો આત્મા તો નિર્વિકાર આનંદની પૂતળી છે. તેનું સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન તો જેને થયું છે પણ જ્યાં સુધી વ્યવહાર સમ્યક્ દર્શનજ્ઞાનના વિકલ્પ છે ત્યાં સુધી નિશ્ચય ચારિત્ર નથી. હવે જ્યારે તે વિકલ્પને પણ છોડીને અતીન્દ્રિય આનંદની લહેજતમાં મોજ માણે છે–તૃપ્ત થાય છે ત્યારે તે પુરુષ પોતે જ ચારિત્ર છે એમ અહીં યોગીન્દ્રદેવ કહે છે. આત્માનું ચારિત્ર–એમ નહિ પણ આત્મા જ ચારિત્ર છે એમ અભેદનયથી કહેવામાં આવ્યું છે.

ભગવાન સર્વજ્ઞદેવ, તીર્થંકર ત્રિલોકીનાથ પરમાત્માએ આ જગતમાં છ દ્રવ્ય જોયા છે તેમ પ્રથમ તો, છએ દ્રવ્ય અને તેનું પરિણમન જેમ થાય છે તેમ બરાબર જાણે અને તેની શ્રદ્ધા કરે એટલે મારા આત્મદ્રવ્યથી આ બધાં દ્રવ્ય જુદાં છે તેમ ભેદજ્ઞાન થાય છે. અનંત સિદ્ધો હો કે અરિહંત હો કે તીર્થંકર હો તે પણ મારા દ્રવ્યથી જુદાં દ્રવ્યો છે એમ જાણે છે. આવા વિકલ્પવાળા જ્ઞાનને અને શ્રદ્ધાને વ્યવહાર સમ્યગ્દર્શન અને વ્યવહાર સમ્યગ્જ્ઞાન કહેવાય છે. તે પુણ્યબંધનું કારણ છે. તે શુભ-ઉપયોગથી પણ છૂટીને અંતરમાં અતીન્દ્રિય આનંદકંદનું સ્વસંવેદનજ્ઞાન, નિર્વિકલ્પ પ્રતીતિ અને તેમાં જ રમણતાપૂર્વક આનંદમાં તૃપ્ત તૃપ્ત થવું તે સમ્યગ્દર્શન-જ્ઞાન–ચારિત્ર છે. આ ત્રણેયની એકતા તે જ મુક્તિનો માર્ગ છે, તે જ ખરું ચારિત્ર છે. ચોથા ગુણસ્થાનમાં તૃપ્તિ થોડી હોય, પાંચમે એનાથી વધારે હોય, છઠ્ઠે તેનાથી પણ વધુ તૃપ્તિ...એમ કરતાં કરતાં સિદ્ધને અનંતગુણી તૃપ્તિ-પૂર્ણતૃપ્તિ હોય છે. ધર્મની શરૂઆત થાય ત્યારે અતીન્દ્રિય આનંદ થોડો હોય પણ જેમ જેમ શુદ્ધિ વધતી જાય છે તેમ

તેમ ઘણી શાંતિ અને ઘણો આનંદ થતો જાય છે તેની વાત અત્યારે ચાલે છે.

એક બાજુ એમ વાત આવે કે સમ્યગ્દૃષ્ટિ નરકમાં નારકી હોય તોપણ તેને અંતર સુખરસની ગટાગટી છે જેમ કે શ્રેણિકરાજાનો જીવ ૮૪ હજાર વર્ષની સ્થિતિએ નરકમાં પડ્યો છે પણ આનંદની મુખ્યતાથી જુઓ તો તેને આનંદની ગટાગટી છે એમ કહી શકાય અને એકબાજુ, અહીં કોઈ મુનિ હોય, સાચા ચારિત્રવંત હોય પણ જરા રાગ રહી જાય છે તેના ફળમાં મરીને સ્વર્ગમાં જાય છે ત્યારે ત્યાં કલેશ ભોગવે છે એમ કહેવાય છે તે રાગની મુખ્યતાથી કરેલું કથન છે માટે કઈ અપેક્ષાથી વાત થાય છે તે સમજી જવું જોઈએ.

નરકમાં નારકી છે પણ સમ્યગ્દર્શન હોવાથી સુખી છે અને દેવલોકમાં દેવ કે જેને વૈભવના પાર નથી, અહીંના કરોડપતિઓ અને રાજાઓ તો તેની પાસે ભિખારા લાગે એવી તો તેને સુખ સાહ્યબી હોય એવા દેવ કે ઇન્દ્ર પણ, સમ્યગ્દૃષ્ટિ હોય તો પણ જેટલું પરલક્ષ છે તેટલા રાગથી તે દુઃખી છે. જે અજ્ઞાની-મિથ્યાદૃષ્ટિ છે, જેને પુણ્યમાં મીઠાશ વેદાય છે, પરસામગ્રીને પોતાની માને છે એ તો એકલી કષાય-અગ્નિમાં સળગી રહ્યા છે.

આમ, આમાં ત્રણ ભાગ પાડવાથી સમજાય.

(૧) ભગવાન આત્માની અતીન્દ્રિય મીઠાશના જ્ઞાન વિનાના અજ્ઞાનીને જે શુભાશુભ ભાવો વર્તે છે તેમાં જ મીઠાશ લાગે છે અને 'આ બધાં સંયોગો મારા અને હું તેનો' એવો મિથ્યાત્વભાવ વર્તે છે, એવા મિથ્યાદૃષ્ટિ ભલે રાજા હો કે દેવ હો...એકલી કષાય-અગ્નિમાં શેકાય છે—બળે છે. એ ભલે એમ માનતા હોય કે અમે સુખી છીએ પણ મૂઢપણે દુઃખી જ છે.

(૨) જેને આત્મભાન થયું છે કે હું શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું, દયા-દાનના વિકલ્પ ઉઠે તે પણ મારો ભાવ નથી, મને લાભદાયક નથી અને શરીર, વાણી તો જડ છે—મારા નથી એવું સમ્યક્ ભાન થયું છે તે કદાચિત્ નરકમાં હોય તો ત્યાં પ્રતિકૂળતાનો પાર ન હોય છતાં તેને સ્વરૂપના આનંદનો સ્વાદ વર્તે છે તેની મુખ્યતાથી એમ કહેવાય કે તે સુખને વેદે છે. બાકી ત્રણ કષાય પડ્યાં છે એટલું દુઃખ તો તેને છે જ.

(૩) સમ્યગ્દૃષ્ટિ, મુનિ થઈને આત્મ-આનંદના વેદનમાં રહ્યાં હોય પણ રાગનો કણ રહી ગયો તેને કારણે પરમાત્મદશા પ્રાપ્ત થઈ નહિ અને દેવલોકમાં જવું પડ્યું તો ત્યાં પુણ્યના ફળની સામગ્રી વચ્ચે તે ત્રણ કષાયની અગ્નિમાં બળે છે એમ કહેવાય છે.

આ તો વીતરાગીજ્ઞાનના ગજ છે, દુનિયાના માપે તેનું માપ થાય તેમ નથી. ભગવાન આત્માથી જેટલો વિરુદ્ધભાવ છે તેટલું દુઃખ જ છે પણ આનંદથી બેખબરો થઈને ફરે છે. દુનિયા ભલે તેને ડાહ્યો કહેતી હોય પણ શાસ્ત્ર કહે છે કે અજ્ઞાનીને ઉન્માદ છે. શુભાશુભભાવ મારા અને હું રાગી-દ્વેષી-મોહી...એમ માનનારના ઉન્માદનું શું કહેવું ?

સંયોગોથી જીવ સુખી, દુઃખી નથી પણ સંયોગના લક્ષે પોતે જેવા ભાવ કરે છે તેનું તેને વેદન થાય છે. કોઈ ચીજ આકુળતા કરાવતી નથી, આકુળતા સ્વયં ઊભી કરે છે. કોઈને લક્ષ્મી ઘણી હોય અને આકુળતા પણ ઘણી હોય, કોઈને લક્ષ્મી થોડી હોય પણ તેની આકુળતા ઘણી હોય...માટે, લક્ષ્મીથી આકુળતાનું માપ નથી.

અહીં તો ભગવાન કહે છે કે જેટલું સ્વનું દર્શન કરે, સ્વનું જ્ઞાન કરે એટલો મોક્ષમાર્ગ છે, તેની સાથે જેટલું વ્યવહારજ્ઞાન અને વ્યવહારશ્રદ્ધા છે એટલો શુભભાવ છે તેનાથી પરંપરા મોક્ષ થશે એટલે કે તેને છોડીને મોક્ષ થશે, કેમ કે તે સીધું મોક્ષનું કારણ નથી. બાકી જે મહાવ્રત કે અણુવ્રત આદિ છે તેના ફળમાં તો સ્વર્ગમાં કલેશ ભોગવશે.

અહો ! સંતની દશા એને કહીએ કે જેને બાહ્યમાં તો નગ્નદશા છે અને અંતરમાં અતીન્દ્રિય આનંદ ઉછાળા મારતો હોય છે. ભગવાન આત્મા એકલા અતીન્દ્રિય આનંદનો દરિયો છે તેના વેદનમાં સંતો તૃપ્ત તૃપ્ત છે તેને ચારિત્રવંત કહેવાય છે અથવા અભેદનયે તે પોતે જ ચારિત્ર છે—તે પરમ આનંદ અતીન્દ્રિય સુખસરના આસ્વાદથી તૃપ્ત થયેલ પુરુષ જ અભેદનયથી નિશ્ચયચારિત્ર છે. આવું ચારિત્ર નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન વિના ન હોય અને એકલા સમ્યગ્દર્શન-જ્ઞાનમાં પણ આવું ચારિત્ર ન હોય. દર્શન-જ્ઞાન સહિતની રમણતાને જ પરમાત્મા 'ચારિત્ર' કહે છે. આવા ચારિત્રવંત જીવ જ સાક્ષાત્ મુક્તિના માર્ગે ચડેલાં છે.

ચારિત્રમાં ઘણાં દુઃખ સહન કરવા પડે એમ જે માને છે તે ચારિત્રને સમજ્યો જ નથી. ચારિત્રમાં દુઃખ જ નથી, એકલો આનંદ છે. ચારિત્ર દુઃખનું દાતા નથી. જેમાં દુઃખ છે તેને ચારિત્ર કહેતાં જ નથી. દુઃખ છે ત્યાં તો આર્ત્તધ્યાન છે. અતીન્દ્રિય આનંદમાં પડેલ પુરુષ પોતે ચારિત્ર છે.

આ ૩૦ ગાથા થઈ. હવે અભેદરત્નત્રયની મુખ્યતાથી આઠ દોહાસૂત્ર કહે છે. તેમાં પ્રથમ, રત્નત્રયના ભક્ત-ભવ્યજીવના લક્ષણ કહે છે.

जो भत्तउ रयण-त्तयहँ तसु मुणि लक्खणु एउ ।
अप्पा मिल्लिवि गुण-णिलउ तासु वि अण्णु ण झोउ ॥३१॥

અહીં રત્નત્રયના ઉત્કૃષ્ટ ભક્ત એવા ભાવલિંગી મુનિની વાત લીધી છે.

અર્થ :—હે પ્રભાકર ભટ્ટ! રત્નત્રયના ધારકના આ લક્ષણ છે કે ગુણોના સમૂહ આત્માને છોડીને તે આત્માથી અન્ય બાહ્યદ્રવ્યને ધ્યાવતાં નથી. નિશ્ચયનયથી એક આત્મા જ ધ્યાવવા યોગ્ય છે, અન્ય નહિ.

ભગવાન આત્મા અતીન્દ્રિય અનંત જ્ઞાન, અતીન્દ્રિય અનંત આનંદ, અતીન્દ્રિય અનંત શાંતિ આદિ અનંતગુણનો પિંડ છે તેને જ જે ધ્યાવે છે એવા રત્નત્રયના ધારક ધર્મીને આ ધ્યાન પાસે અન્ય કોઈ ધ્યાન હોતું નથી. દેવ-શાસ્ત્ર-ગુરુનું ધ્યાન પણ વિકલ્પાત્મક છે તેથી એ ધ્યાન પણ તેને નથી.

ભગવાન આત્મા તો અતીન્દ્રિય આનંદની શીતળ પાટ છે. તેની દૃષ્ટિ-જ્ઞાન અને રમણતામાં પડ્યો છે તેને સ્વદ્રવ્યનો અર્થાત્ રત્નત્રયનો ભક્ત કહે છે. પરદ્રવ્ય-દેવ-શાસ્ત્ર-ગુરુ સંબંધીનો રાગ છે તેનું તેને ધ્યેય હોતું નથી.

આ તો પરમાત્મપ્રકાશ છે ને એટલે પરમાત્મપદ તરત કોને પ્રાપ્ત થાય તેની વાત બતાવે છે કે જેને અંતરમાં અભેદરત્નત્રયની પ્રાપ્તિ છે તેને તરત પરમાત્મપદની પ્રાપ્તિ થાય. એકલો જ્ઞાનપ્રકાશ, આનંદકંદ અને શાંતરસની પૂતળી એવા એવા અનંતગુણરૂપ ભગવાન આત્માના ધ્યાન પાસે તેને બીજા કોઈ દ્રવ્યનું ધ્યાન હોતું નથી.

પરદ્રવ્યમાં દેવ-શાસ્ત્ર-ગુરુ, પ્રતિમા, દેવાલય કે સમ્મેદ્શિખર આદિનું ધ્યાન એ વિકલ્પ છે-જેટલું પરલક્ષ છે તે રાગ છે. શુભનિમિત્ત તરફનો રાગ છે માટે શુભરાગ છે તે પુણ્યબંધનું કારણ છે. રત્નત્રયનો ભક્ત તે રાગમાં રોકાતો નથી. લૌકિકમાં કહ્યું છે કે 'જનની જણ તો ભક્ત, કાં દાંતા કા શૂર...' અહીં કહે છે કે ભક્ત થા તો રત્નત્રયનો ભક્ત થા કે જેના ફળમાં તુરત મુક્તિ થાય.

આત્મા તો 'ગુણનિલય' એટલે ગુણને રહેવાનું સ્થાન છે. જેમાંથી અતીન્દ્રિય આનંદ ઝરે એવી એ ખાણ છે. માત્ર આનંદ જ નહિ, અતીન્દ્રિય શાંતિ (ચારિત્ર), અનંત અતીન્દ્રિય બળ, અતીન્દ્રિય દર્શન-જ્ઞાન આદિ અનંત અતીન્દ્રિય ગુણની ખાણ છે. જેટલાં જ્ઞાનાદિ ગુણો છે તે બધાનું સ્થાન 'આત્મા' છે માટે આત્મામાંથી જ ગુણો મળે તેમ છે. વળી તારા ગુણ તારા આત્મામાંથી જ મળે, બીજા આત્મામાંથી તારા

ગુણ મળે તેમ નથી. માટે, સ્વદ્રવ્યને જ લક્ષમાં લઈને તેમાં ઠરે છે તે રત્નત્રયનો ભક્ત છે એમ હે શિષ્ય ! તું જાણ.

અનંતકાળમાં આ વાત એણે કદી માની નથી. ધૂળના ઢગલાને જ ચૂંથતો રહ્યો છે, શુભાશુભરાગને વેદતો રહ્યો છે. અનંતવાર ત્યાગી થયો તોપણ શુભવિકલ્પમાં રચ્યો-પચ્યો રહ્યો, દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પો ઘણાં કર્યાં પણ એના વિનાની ચૈતન્ય શું ચીજ છે તેની શ્રદ્ધા એણે કદી કરી નથી.

મુનિવ્રત ધાર અનંતબાર ગ્રૈવેઈક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયો...અનંતવાર મુંડાવ્યું, હજારો રાણી છોડીને બાવો-સાધુ થયો પણ શું લાભ થયો ? રખડવાના રસ્તા વધાર્યાં. અખંડાનંદ ચિદાનંદ પ્રભુની દૃષ્ટિ કરી નહીં, પુણ્ય-પાપના પરિણામનો પ્રેમ છૂટ્યો નહિ–જે ખરેખર છોડવાયોગ્ય છે તે તો છૂટ્યો નહિ અને જે છૂટા જ છે તેને મેં છોડ્યાં...એવાં અભિમાન કર્યાં...એમાં એના હાથમાં શું આવ્યું ? બાપુ ! વીતરાગના મારગ જુદી જાતના છે.

શ્રોતા :—પ્રયત્ન તો ઘણો કર્યો સાહેબ !

પૂજ્ય ગુરુદેવશ્રી :—ઘણો નહિ પણ, ઊંધો પ્રયત્ન કર્યો. બાહ્યત્યાગ-ગ્રહણનો વિકલ્પ ઘણો કર્યો તે તો રાગ છે તેમાં એણે પ્રયત્ન શું કર્યો ? અખંડાનંદ પ્રભુને દૃષ્ટિમાં લીધો નથી તેણે કાંઈ કર્યું નથી. ઊંધો પુરુષાર્થ કર્યો છે. હેતુ જ ઊંધો હતો. એ ભલે માને કે હું મોક્ષ માટે પ્રયત્ન કરું છું પણ હેતુ રાગનો જ છે તેની એને ખબર નથી.

આ તો અજર પ્યાલાની વાતો છે. ત્રિલોકનાથ પરમેશ્વર જે કહે છે એ જ મુનિઓ કહે છે કે રત્નત્રયના ભક્તના લક્ષણ એવા હોય કે તે સ્વગુણને છોડીને, પરગુણને ધ્યાવતો નથી. પોતાના અનંતાગુણના લક્ષને છોડીને પરદ્રવ્યમાં ભલે સિદ્ધ હો–તેને પણ એ ધ્યાવતો નથી. સિદ્ધના ગુણનું લક્ષ આવી જાય છે પણ તેને વિકલ્પ કહેવાય છે-શુભરાગ છે-ધ્યાન નથી. સ્વગુણમાં ઠરી ન જાય ત્યાં સુધી રાગ તો આવે પણ તે કાંઈ નિશ્ચયરત્નત્રયનું સ્વરૂપ નથી.

મૂઠી વાળીને દોડ્યો જાય છે...જવું છે પૂર્વ તરફ અને જાય છે પશ્ચિમ તરફ...તેને પુરુષાર્થ કહેવાય ? પણ અરે ! એને સીધો-સાચો રસ્તો શું છે અને ઊંધો રસ્તો ક્યો છે તેની પણ ખબર નથી. આંધળી દોડમાં મૂઢપણે અનંતકાળ કાઢી નાંખ્યો.

ભાવાર્થ :—વ્યવહારનયથી વીતરાગ સર્વજ્ઞના કહેલાં શુદ્ધાત્મતત્ત્વ આદિ છ

દ્રવ્ય, સાત તત્ત્વ, નવ પદાર્થ, પાંચ અસ્તિકાય આદિનું સ્વરૂપ જાણવા યોગ્ય છે તથા શ્રદ્ધવા યોગ્ય છે અને હિંસા આદિ પાંચ પાપ ત્યાગ કરવાયોગ્ય છે, વ્રત-શીલાદિ પાળવાયોગ્ય છે આ બધાં વ્યવહારરત્નત્રયના લક્ષણ છે.

નિશ્ચયરત્નત્રયની સાથે વિકલ્પરૂપે આવા વ્યવહારરત્નત્રયના પરિણામ હોય છે. શુદ્ધાત્મા સહિત છએ દ્રવ્યોનું સ્વરૂપ જાણીને તેની શ્રદ્ધા કરવી જોઈએ. સાત તત્ત્વ, પાંચ અસ્તિકાયનું પણ શ્રદ્ધા અને જ્ઞાન કરવું જોઈએ. આ શુભભાવનું લક્ષણ છે, પરમાર્થે ધર્મનું લક્ષણ નથી. પરદ્રવ્ય આશ્રિત જેટલો વિકલ્પ હોય છે તેનો નિર્વિકલ્પમાં જતાં અભાવ થાય છે પણ કથનમાં એમ આવે કે આવો શુભરાગરૂપ વ્યવહાર હતો તેથી નિશ્ચય પ્રગટ થયો. વ્યવહારને નિશ્ચયનું નિમિત્ત કહેવાય.

અહીં તો વ્યવહાર કોને કહેવો તે બતાવ્યું છે કે વ્યવહાર એટલે 'ભેદ' ભેદરત્નત્રય વ્યવહારે આરાધવા યોગ્ય છે. અશુભવિકલ્પને ટાળવા માટે એવી ભૂમિકા હોય છે. સ્વદ્રવ્યના આશ્રયે શ્રદ્ધા, જ્ઞાન અને લીનતા થાય તે નિશ્ચય રત્નત્રય છે અને સાથે ભગવાને કહેલાં દ્રવ્યો અને તત્ત્વોની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન, પાંચ અણુવ્રત, મહાવ્રતરૂપ વ્યવહારરત્નત્રય પણ હોય છે. બંને એકસાથે હોય છે.

બાપુ ! અલૌકિક મારગ છે, તે આ જીવે સાંભળ્યા નથી અને સાંભળ્યા હોય તો વિચારમાં લીધાં નથી. વિચારમાં લે તો જ સાંભળ્યા કહેવાય. શાસ્ત્ર સાંભળ્યા, ગોખી નાંખ્યા, ભણ્યો પણ વિચાર્યું નહિ તેથી કાંઈ લાભ ન થયો. અહીં તો તેનાથી પણ આગળ સ્વદ્રવ્યનો આશ્રય લેવાની અને પરદ્રવ્યનો આશ્રય છોડવાની વાત છે.

ભેદરત્નત્રયને વ્યવહાર કહો, ઉપચાર કહો, નિશ્ચયની અપેક્ષાએ ગૌણ કહો....વ્યવહારના વિકલ્પને છોડીને નિર્વિકલ્પતા થાય છે. વ્યવહાર માટે અનેક પ્રકારની ભાષા આવે પણ નિશ્ચય અને વ્યવહારનું ફળ જુદું છે. વ્યવહારના ફળમાં નિશ્ચય બતાવવો એ પણ વ્યવહાર છે.

નિશ્ચય તો આ છે—વીતરાગ સદા આનંદરૂપે જે નિજ શુદ્ધાત્મા આત્મિક સુખરૂપ સુધારસના આસ્વાદથી પરિણત થયો છે તેનું સમ્યક્ શ્રદ્ધાન જ્ઞાન આચરણરૂપ અભેદરત્નત્રય છે તે જ સાચાં રત્નત્રય છે એમ જાણવું.

(ક્રમશઃ)

*

# ચૈતન્ય-મહાસત્તાના ભાન વિના બધી ક્રિયા થોથાં છે

(શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)
(સળંગ પ્રવચન નં. ૭૨)

આ શ્રી નાટક સમયસાર શાસ્ત્રનો નિર્જરા અધિકાર છે.

ध्यान धरै करै इंद्रिय-निग्रह,
विग्रहसौं न गनै निज नत्ता ।
त्यागी विभूति विभूति मढै तन,
जोग गहै भवभोग-विरत्ता ।।
मौन रहै लहि मंदकषाय,
सहै बध बंधन होई न तत्ता ।
ए करतूति करै सठ पै,
समुझै न अनातम-आतम-सत्ता ।।१०।।

અર્થ :—આસન લગાવીને ધ્યાન કરે છે, ઈન્દ્રિયોનું દમન કરે છે, શરીર સાથે પોતાના આત્માનો કાંઈ સંબંધ ગણતો નથી, ધન-સંપત્તિનો ત્યાગ કરે છે, શરીરને રાખથી ચોળે છે, પ્રાણાયમ આદિ યોગસાધન કરે છે, સંસાર અને ભોગોથી વિરક્ત રહે છે, મૌન ધારણ કરે છે, કષાયોને મંદ કરે છે, વધ-બંધન સહન કરીને દુઃખી થતો નથી. તે મૂર્ખ આવી ક્રિયાઓ કરે છે પરંતુ આત્મસત્તા અને અનાત્મસત્તાનો ભેદ જાણતો નથી.

જેને આત્મસત્તા અને અનાત્મસત્તાનું ભાન નથી એટલે કે હું જ્ઞાનસ્વરૂપી આત્મા છું અને વિકલ્પમાત્ર અનાત્મા છે એવું જેને ભેદજ્ઞાન નથી તે ધ્યાન લગાવે કે ઈન્દ્રિયનિગ્રહ કરે કે ગમે તેટલી ક્રિયા કરે પણ તે મૂર્ખ છે, તેની ક્રિયા આત્મા માટે સફળ નથી, રખડવા માટે સફળ છે. મફતની મજૂરી કરીને ઉપરથી ચારગતિમાં રખડવાનું ફળ પામે છે.

એ જીવ એમ પણ કહે છે કે શરીર સાથે મારે કાંઈ સંબંધ નથી, એમ માને પણ અંતરમાં અનાકુળ આનંદસ્વરૂપ આત્માનું જેને ભાન નથી, વિવેક નથી, ભેદજ્ઞાન

નથી સમ્યગ્દર્શન નથી તે બધાં શઠ એટલે મૂરખ છે. શરીર સાથે મારે સંબંધ નથી પણ હું કેવી વસ્તુ છું? મારામાં શું છે તેની કાંઈ ખબર નથી. તેથી ગમે તેટલી ક્રિયાઓ કરતો હોય તોપણ એવો જીવ મૂરખ ગણાય છે. સ્વભાવની એકતાનું ભાન નથી અને રાગની એકતા તૂટી નથી તેથી અજ્ઞાની ધાર્મિક ક્રિયા કરતો હોવા છતાં મૂરખમાં ખપે છે.

નિર્લેપ ચૈતન્યમૂર્તિની દૃષ્ટિ નથી, અનુભવ નથી તે જીવો પ્રાણાયમ કરે કે મંદકષાય કરે કે મૌન ધરે પણ તે બધાં મિથ્યાદૃષ્ટિ-મૂઢ છે. કદાચિત્ ચામડી ઉતારીને ખાર છાંટે તોપણ ક્રોધ ન કરે પણ આનંદ ક્યાંથી લાવે? માત્ર નાસ્તિથી અસ્તિ આવતી નથી. અસ્તિ-મહાસત્તાના ભાન વિનાની બધી ક્રિયા થોથાં છે.

અહીં તો એક સમયની પર્યાયને પણ પરદ્રવ્ય ગણી છે. જ્ઞાનનો ક્ષયોપશમ મૂળ વસ્તુ નહિ હોવાથી પરદ્રવ્ય છે. અજ્ઞાની જેને આત્મા માને છે તે આત્મા નથી. અહીં તો સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર જેને 'આત્મા' કહે છે એવા આત્માની જેને દૃષ્ટિ અને અનુભવ છે તે જ જ્ઞાની છે, તે સિવાય બધાં અજ્ઞાની છે. પાંચ ઇન્દ્રિયના ભોગો ભોગવતો ન હોય–બાળબ્રહ્મચારી હોય તોપણ એ મૂઢ છે. કારણ કે અતીન્દ્રિય આત્માના અનુભવ વિના આ બધી ક્રિયાકષ્ટ ચારગતિના ફળને આપનાર છે.

કોઈ સંસાર અને ભોગોથી વિરક્ત થઈને રસ વિનાનું લૂખું ખાય, દાળિયા-મમરા ખાઈને ચલાવે તેથી શું થયું! એ તો જડની ક્રિયા થઈ, તેની સાથે રાગની મંદતા છે તે પણ અચેતન છે–આત્મા નથી. શરીરથી અબ્રહ્મચર્યની ક્રિયા ન કરી તેમાં આત્માનું હિત ક્યાં આવ્યું! હું અનંતગુણનો પિંડ છું, મારામાં જ્ઞાન, દર્શન, સુખ આદિ ગુણ છે એવો ભેદ કરીને વિકલ્પ કરવો તે પણ આત્માની ચીજમાં નથી તો બીજો ક્યો રાગ આત્મામાં હોઈ શકે?

આ જૈનશાસન છે કે જેમાં પુણ્યનો, રાગનો, કર્મનો સંબંધ જ નથી, સંબંધ માનવો એ મિથ્યાત્વ છે. આત્માની ઓળખાણ વિનાની સામાયિક કે પૌષધ પણ એકડાં વિનાના મીંડા સમાન છે. મિથ્યાદૃષ્ટિને સાચી સરળતા કે સમતા હોઈ જ ન શકે. કષાયની મંદતા કરે પણ તેમાં જ ધર્મ માને તો તેને રાગથી ભિન્ન ભગવાનનું ભાન નહિ હોવાથી તે મૂઢ છે.

શાસ્ત્રમાં તો ત્યાં સુધી કહ્યું છે કે એક સમયની પર્યાયને જ જે આત્મા માને છે, ત્રિકાળી દ્રવ્યની જેને દૃષ્ટિ જ નથી તે ભલે વનવાસી દ્રવ્યલિંગી સાધુ હોય, ૨૮ મૂળગુણ પાળતો હોય તોપણ શઠ છે–મૂઢ છે–મિથ્યાદૃષ્ટિ છે. કોઈ તેનું વધ અને

બંધન કરે છતાં ક્રોધ ન કરે તોપણ આત્મભાન વિનાનો તે મૂઢ છે. વિકલ્પથી નિરાળી નિર્વિકલ્પ ચીજનું દર્શન અને ભેદવિજ્ઞાન પ્રગટ્યું નથી તેવા જીવો આવો મંદકષાય કરે છતાં મિથ્યાદૃષ્ટિ છે. જૈનદર્શન બહુ આકરું છે ભાઈ! આ તો જૈનપરમેશ્વરની વાણી છે કે આવી ક્રિયા કરે છતાં તેને નિર્જરા થતી નથી.

આત્મા એટલે શું ચીજ બાપુ! એકલો સહજ પરમ સ્વભાવભાવ જેને પર્યાયના ચારભાવ પણ અડતા નથી એવો દ્રવ્યસ્વભાવ તે જ આત્મસત્તા છે. સર્વજ્ઞસ્વભાવથી ભરેલો પ્રભુ અલ્પજ્ઞ નથી, અલ્પ-ઉપયોગવાળો નથી. જેમાં ઠરતાં આત્માની શાંતિ અને આનંદ વૃદ્ધિને પામે, શોભા વધે એવી આત્મસત્તામાં પ્રતપન તે તપ છે અને એવા તપથી નિર્જરા થાય છે માટે तपसा निर्जरा કહ્યું છે. ઉપ નામ આત્માની સમીપમાં વાસ કર્યો તે જીવ ઉપવાસી છે તેને નિર્જરા થાય છે. આત્માની ઓળખાણ વિના રોટલાનો ત્યાગ કરે તે ઉપવાસી નથી.

હવે ૧૧મા પદ્યમાં શું કહે છે!

जो बिनु ग्यान क्रिया अवगाहै ।
जो बिनु क्रिया मोखपद चाहै ॥
जो बिनु मोख कहै मैं सुखिया ।
सो अजान मूढनिमैं मुखिया ॥१२॥

અર્થ :—જે સમ્યગ્જ્ઞાન વિના ચારિત્ર ધારણ કરે છે અથવા ચારિત્ર વિના મોક્ષપદ ચાહે છે તથા મોક્ષપદ વિના પોતાને સુખી માને છે, તે અજ્ઞાની છે, મૂર્ખાઓમાં પ્રધાન અર્થાત્ મહામૂર્ખ છે.

આત્માના આનંદનું વેદન—સ્વસંવેજન તો નથી અને માત્ર ક્રિયાઓ કરે છે તે ચારિત્ર વિના મોક્ષને ચાહે છે. મહાવ્રતના વિકલ્પ ઊઠે છે તે ચારિત્ર નથી, ચારિત્રનો દોષ છે. અહીં તો જગતની માન્યતાથી ઊંધી વાત છે. ચારિત્ર એટલે 'આત્મ-આનંદમાં લીનતા' તેના વિના મોક્ષ માગે તે જૂઠું છે તેમ જ આત્માના જ્ઞાન વિના કોઈ મોક્ષ માગે તો પણ ખોટું છે.

જે 'મોક્ષ' વિના સંસારમાં પોતાને સુખિયો માને છે તે મોક્ષસ્વરૂપ આત્માના જ્ઞાનથી અજાણ—મૂરખમાં મુખ્ય છે. પૈસે-ટકે સુખી હોય, સ્ત્રી-પુત્રાદિ આજ્ઞાંકિત હોય, છોકરાઓ અઢળક કમાણી કરતાં હોય, પોતે બાદશાહીથી પેઢી સંભાળીને બેઠો હોય એટલે તેને એમ થાય કે હું સુખી છું, બીજા પણ તેને સુખી માને પણ એ માન્યતા

જ ભૂલભરેલી છે. ચારિત્ર વિના મુક્તિ ન થાય અને મુક્તિ વિના સુખ ન થાય.

વિકલ્પમાત્રમાં દુઃખ છે તે વિકલ્પ અશુભ હો કે દયા, દાન, પૂજાનો શુભ વિકલ્પ હો—તેમાં પણ દુઃખ છે, કષાય-અગ્નિ છે, ભઠ્ઠી છે. શુભભાવ પોતે તો દુઃખરૂપ છે અને તેના ફળમાં સ્વર્ગ મળે તેમાં પણ અંગારા છે-ભઠ્ઠી છે.

સ્વર્ગમાં એક સાગરના આયુવાળાને એક હજાર વર્ષે તો આહારનો વિકલ્પ ઊઠે અને અમૃતના ઓડકારથી તૃપ્તિ થઈ જાય, ૧૫ દિવસે એકવાર શ્વાસ લેવો પડે, રતનના મહેલ વચ્ચે રહેવાનું હોય છતાં દુઃખી?—હા. એ કષાયની અગ્નિમાં શેકાય છે. અકષાયસ્વરૂપ ભગવાન આત્માના જ્ઞાન અને વેદન વિના પોતાને સુખી માને છે તે બધાં મૂરખમાં મુખિયા છે.

સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન હોય તોપણ સમ્યક્ચારિત્ર વિના મુક્તિ થતી નથી. ચારિત્ર એટલે 'સ્વરૂપની લીનતા.' સમ્યગ્દર્શન-જ્ઞાનમાં આત્માની શ્રદ્ધા અને જ્ઞાન તો થયું પણ એ જ અતીન્દ્રિય આનંદધામમાં લીનતા થવી તેનું નામ ચારિત્ર છે. એવી લીનતા વિના મહાવ્રત લઈને મોક્ષ માગવો તે રણમાં પોક મૂકવા જેવી વાત છે.

અહીં તો આ ક્રમ બતાવી દીધો કે સમ્યક્ અનુભવ વિના ચારિત્ર ન હોય, ચારિત્ર વિના મોક્ષ ન હોય, મોક્ષ વિના સુખ ન હોય. સમ્યગ્દર્શન-જ્ઞાનમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ તો આવે છે પણ તેની જ વિશેષતા તે ચારિત્ર છે અને મુક્તિમાં તેની જ પૂર્ણતારૂપ ફળ છે. મોક્ષ વિના સુખ નથી એટલે કે પૂર્ણ સુખ નથી. સમ્યગ્દર્શનમાં અંશે સુખ છે, ચારિત્રમાં વિશેષ સુખ છે અને તે સુખના ફળમાં જ પૂર્ણસુખ છે. વ્યવહાર તો પોતે રાગ છે, દુઃખ છે, તેના ફળમાં મુક્તિ નથી. મોક્ષ વિના પોતાને સુખી કહે છે તે અજ્ઞાની-મૂર્ખાઓમાં પ્રધાન-મહામૂર્ખ છે.

હવે છઠ્ઠા કળશમાં આચાર્ય અમૃતચંદ્રદેવ શું કહે છે તે લઈએ. ૯૦૦ વર્ષ પહેલાં આ આચાર્ય ભરતક્ષેત્રમાં વિચરતા હતાં, અંતરમાં અતીન્દ્રિય આનંદમાં ઝૂલતાં હતાં. આ સમયસાર શાસ્ત્રની ટીકા બનવામાં તેમના વિકલ્પનું નિમિત્ત છે. શાસ્ત્ર તો તેના બનવાકાળે બની ગયું પણ નિમિત્તથી એમ કથન થઈ શકે કે અમૃતચંદ્રાચાર્યે તે બનાવ્યું છે.

નિર્જરા અધિકારનો છઠ્ઠો કળશ :—

आसंसारात्प्रतिपदममी रागिणो नित्यमत्ताः
सुप्ता यस्मिन्नपदमपदं तद्विबुध्यध्वमन्धाः ।

एतैतेतः पदमिदमुदं यत्र चैतन्यधातुः
शुद्धः शुद्धः स्वरसभरतः स्थायिभावत्वमेति ॥६॥

શ્રી ગુરુ કરુણા કરીને સંસારી જીવોને કેવો ઉપદેશ આપે છે કે અહીં આવો...અહીં આવો...આ ચૈતન્યધાતુ એ તમારા પદ છે. જે શુદ્ધ શુદ્ધ છે તેમાં આવો...આમ છતાં અજ્ઞાની જીવો માન્તા નથી તેથી બનારસીદાસજી ૧૨મા પદ્યમાં લખે છે કે—

जगवासी जीवनिसौं गुरु उपदेस कहै,
तुमैं इहां सोवत अनंतकाल बीते हैं ।
जागो ह्वै सचेत चित समता समेत सुनौ,
केवल-वचन जामैं अक्ष-रस जीते हैं ॥
आवो मेरे निकट बताऊँ मैं तुम्हारे गुन,
परम सुरस-भरे करमसौं रीते हैं ।
ऐसे बैन कहै गुरु तौऊ ते न धरै उर,
मित्रकैसे पुत्र किंधौं चित्रकैसे चीते हैं ॥१२॥

અજ્ઞાની જીવો માટીના પૂતળા જેવા છે કે જેથી તેને ગુરુની વાણીની અસર થતી નથી. પર્યાયબુદ્ધિમાં...રાગમાં રહેતાં અનંતકાળ આમ વીતી ગયો પ્રભુ! ભગવાન આત્માના અમૃતસ્વરૂપની સાવધાની અનંતકાળમાં એક સમયમાત્ર પણ કરી નથી.

હે જીવ! હવે તો જાગૃત થા! સાવધાન થા! ચેત ભાઈ ચેત! શાંતચિત્ત થઈને એકવાર ભગવાનની વાણી સાંભળ. ભગવાનની વાણી કેવી છે! કે જેનાથી પાંચ ઈન્દ્રિયના વિષયો જીતી શકાય છે. केवल-वचन जामे अक्ष रस जीते हैं। ઈન્દ્રિયો, ઈન્દ્રિયો તરફનો વિકલ્પ અને ઈન્દ્રિયના વિષયો એ બધાની દૃષ્ટિ છોડીને સ્વભાવની દૃષ્ટિ કરવી તેનું નામ ઈન્દ્રિયોને જીતી કહેવાય. તેમાંથી એક ઉપર પણ જેનું લક્ષ છે તે વિષયને જ સેવે છે. ભાવેન્દ્રિય જે ખંડખંડ જ્ઞાન છે, ક્ષયોપશમજ્ઞાન છે તે પણ પરવિષય છે, એ પરવિષયને ભોગવનારો વિષયને જ ભોગવે છે. સ્વને વિષય બનાવ્યો નથી અને પરવિષયનું લક્ષ અને ધ્યેય છે તે પરવિષયને જ સેવે છે.

ભગવાનની વાણીમાં એમ આવ્યું છે કે અમારી સામે જોવું એ પણ ઈન્દ્રિયનો વિષય છે તેને છોડી દે. અમને સાંભળવા છોડીને તું તને જો! એમ કહીને ભગવાનની વાણી પર્યાયબુદ્ધિનો નાશ કરાવે છે, સ્વભાવની સન્મુખતા કરાવે છે અને વિકલ્પથી વિમુખતા કરાવે છે. આવી વાણીનું નામ જ વીતરાગની વાણી છે.

તારો ભગવાન તારી પાસે પૂરો પડ્યો છે. વીતરાગની આ વાત જગત સાથે મેળ ખાય તેવી નથી. એક તરફ એમ કહે છે કે ભગવાનની વાણી સાંભળ તો ભવ અને ઈન્દ્રિયોને જીતી શકીશ અને એક તરફ ભગવાનની વાણીને ઈન્દ્રિયનો વિષય કહ્યો છે તો વાણી સાંભળવી કે ન સાંભળવી? તેનું સમાધાન પણ ભગવાનની વાણીમાં આવે છે કે ઈન્દ્રિયથી લક્ષ કરીને તું વાણી સાંભળે છે તેમાં ઈન્દ્રિયોનું જીતવું થતું નથી પણ તું ઈન્દ્રિયથી જીતાય જાય છે. આહાહા...! એકલાં જ્ઞાનનો નૂરનો પૂર, સુખનો સાગર ભગવાન આત્માને ધ્યેય બનાવીને તેમાં દૃષ્ટિ આપ તો તે ભગવાનની વાણી સાંભળીને ઈન્દ્રિયોને જીતી કહેવાય. ભગવાનની વાણી તો તને ઈન્દ્રિયોને જીતવાનું કહે છે.

જેને આનંદ સહિત સ્વસંવેદન જ્ઞાન પ્રગટ થયું છે તેને આગળ વધતાં વિશેષ લીનતા સહિત જે વિકલ્પ ઊઠે તેનું જ્ઞાન થાય છે. સ્વભાવની સન્મુખ થયેલાંને રાગનું જ્ઞાન થાય છે. રાગની સન્મુખ થયેલાંને રાગનું જ્ઞાન પણ થતું નથી.

आवो मेरे निकट, मैं बताऊं तुम्हारे गुन—નજીક આવો–સાંભળવાને લાયક થાઓ તો હું તમારા ગુણ તમને બતાવું. તમારામાં આનંદ, શાંતિ અને અતીન્દ્રિય સુખ પડ્યું છે તે હું બતાવું. તું તો અનંત શક્તિઓનો સાગર છો. અનંતા સિદ્ધોને પેટમાં રાખીને પડ્યો છે એટલે કે અનંતી સિદ્ધપર્યાય થવાની યોગ્યતા તારામાં ભરી પડી છે. તું નિકટ આવ તો તારા સ્વભાવની મહિમાને બતાવું એમ કહ્યું, વ્યવહાર બતાવવાનું કહ્યું નથી.

અનંત આનંદ અને શાંતિવાળું તત્ત્વ તે નિજપદ છે. પુણ્ય-પાપના વિકલ્પ ઊઠે છે તે નિજપદ નથી. એ તો અપદ છે. પ્રભુ! તું તો આનંદનો નાથ છો ને! તારામાં દુઃખ નથી, રાગ નથી, અલ્પજ્ઞતા નથી. તારામાં તો જ્ઞાન, આનંદ, સ્વચ્છતા આદિ બધાં પૂર્ણસ્વભાવો રહેલાં છે. પૂર્ણ અકર્તૃત્વસ્વભાવ અને પૂર્ણ અભોક્તૃત્વસ્વભાવ હોવાથી રાગાદિનું કરવું કે ભોગવવું તારા સ્વભાવમાં બિલકુલ નથી. માટે, વિકલ્પ, પર્યાય અને નિમિત્તની બુદ્ધિ છોડી દે, એ તારા માટે અપદ છે.

तुम्हारे गुन परम सुरस-भरे, वीरमसौं रीते है। તારા ગુણ કેવા છે?—કે પરમ અતીન્દ્રિય આનંદરસથી ભરેલાં છે અને કર્મથી ખાલી છે. કર્મનો જેમાં અભાવ જ છે અને આનંદથી પરિપૂર્ણ છે તેને આત્મા કહેવાય. આવા આત્માનું સમ્યક્-દર્શન થાય ત્યારે સમકિત અને ધર્મની શરૂઆત થઈ કહેવાય.

ऐसे बैन कहै गुरु तौऊ ते न धरै उर,... ગુરુ આવાં અમૃત જેવા વચનો કહે

છે તોપણ જે તેને હૃદયમાં ધરતાં નથી તે જીવો કેવા છે ! જાણે માટીના પૂતળા જોઈ લ્યો. જેમ માટીના પૂતળા કે ચિત્રમાં દોરેલાં મનુષ્યને કાંઈ ભાન હોતું નથી તેમ તેને કાંઈ ભાન નથી. ગુરુ જે આત્મપદ બતાવે છે ત્યાં જવાને બદલે અમારે તો વ્રત પાળવા છે, તપ કરવા છે, જપ કરવા છે એમ કરીને તેમાં રોકાય રહે છે તે માટીના પૂતળા છે. માટીના પૂતળાને કાંઈ અસર થતી નથી તેમ તને પણ કાંઈ અસર થતી નથી ? એમ કહીને ગુરુ તેને જગાડે છે. જાગ રે જાગ આત્મા ! હવે તો નિદ્રા છોડ !

આ છઠ્ઠો કળશ અને ૧૨મું પદ્ય થયું. (ક્રમશઃ)

## વૈરાગ્ય સમાચાર :—

માંડવલાનિવાસી ચંદનમલજી વન્નાજી છાજેડ (વર્ષ-૮૫) તા. ૨૯-૯-૯૯ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

વઢવાણનિવાસી (હાલ મુંબઈ) શ્રી હીરાલાલ ચીમનલાલ શાહ (વર્ષ-૭૩) તા. ૮-૧૦-૯૯ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ગુરુદેવશ્રીના બહુ જૂના અનુયાયી હતા તથા તત્ત્વની ઘણી રુચિ હતી.

દિલ્હીનિવાસી શ્રી. એસ. કે. જૈનના ધર્મપત્ની પુષ્પાબેન જૈન (વર્ષ ૬૨) તા. ૧૧-૧૧-૯૯ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

બોટાદનિવાસી સ્વ. હરગોવિંદદાસ ઉજમશીભાઈ ગોપાણીના પુત્ર શ્રી જયંતીલાલ હરગોવિંદદાસ ગોપાણી (ડૉ. જિતેન્દ્રભાઈ તથા બ્ર. પ્રફુલ્લાબેનના પિતાશ્રી) તા. ૧૭-૧૧-૯૯ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

# નાગકુમારની કથા

[માતા અને ડાકુ પ્રત્યે સમભાવી વીતરાગી મુનિની કથા]

એક સમયે મગધરાજ્યની રાજધાની રાજગૃહીમાં પ્રજાપાલ રાજા રાજ્ય કરતા હતા. તેમને પ્રિયધર્મા નામની શીલવતી સ્ત્રી હતી અને પ્રિયધર્મ અને પ્રિયમિત્ર નામના બે પુત્રો હતા. કેટલાક વખત પછી બન્ને ભાઈઓએ વૈરાગ્ય પામી જિનદીક્ષા લીધી અને ઘોર તપશ્ચર્યા કરી સમાધિમરણ કરી અચ્યુત સ્વર્ગમાં દેવ થયા. સ્વર્ગમાં જઈને બન્ને દેવોએ પ્રતિજ્ઞા કરી કે આપણામાંથી જે પહેલો મનુષ્યપણે જન્મે તેને સ્વર્ગના દેવે સંબોધન કરી મોક્ષ પ્રદાન કરનારી જિનદીક્ષા અપાવવી.

પ્રિયમિત્ર સ્વર્ગથી પ્રથમ ચ્યવીને ઉજ્જયિનીના રાજા નાગધર્મ અને તેમની સ્ત્રી નાગદત્તાને ત્યાં નાગદત્ત પુત્રપણે જન્મે છે. નાગદત્તને નાગ–સર્પની સાથે ક્રિડા કરવાનો શોખ હતો જેથી અન્ય લોકો આશ્ચર્યચકિત થતા હતા. એક વખત સ્વર્ગમાં રહેવાવાળા મિત્રદેવને (પ્રિયધર્મના જીવને) પોતાની પ્રતિજ્ઞાનું સ્મરણ થયું. સ્વર્ગનો દેવ મદારીનો વેશ લઈને બે ભયંકર સર્પને લઈને ઉજ્જયિની નગરીમાં આવ્યો અને ગામમાં નાગનો ખેલ દેખાડવા લાગ્યો. કુમાર નાગદત્તને સમાચાર મળ્યા કે કોઈ મદારી બે ભયંકર ઝેરીલા સર્પ લઈને નગરીમાં આવેલ છે. કુમારે તુરત મદારીને રાજ-દરબારમાં બોલાવ્યો. ઘમંડમાં આવીને કુમાર નાગદત્તે મદારીને કહ્યું કે તારા ઝેરીલા સર્પોને બતાવ! હું તેની સાથે ક્રિડા કરવા માગું છું. દેખું તો ખરો કે કેવા ઝેરીલા નાગ છે!

કુમારની અભિમાન ભરી વાત સાંભળીને મદારી કહે કે હું રાજકુમારની સાથે એવી હાંસી કરી શકું નહીં કે જેમાં પ્રાણ જવાનો ભય હોય. કુમાર! માની લ્યો કે નાગ આપને કરડે ને આપનું મૃત્યુ થયું તો રાજા મને તો પ્રાણદંડ જ આપે ને! કુમારે કહ્યું કે નહીં નહીં, રાજાની પાસેથી હું તને અભયદાન અપાવું છું. તેમ કહીને કુમાર મદારીને રાજા પાસે લઈ ગયો ને રાજાએ કુમારના કહેવા પ્રમાણે મદારીને અભયદાનનું વચન આપ્યું. પછી મદારીએ એક સાધારણ સર્પ કાઢ્યો. તેને નાગકુમારે ક્રિડા કરીને તુરત હરાવ્યો. કુમાર કહે તારી પાસે ભયંકર ઝેરીલો નાગ બીજો હોય તો કાઢ! મદારી કહે કે મારી પાસે એવો બીજો ભયંકર નાગ છે કે તેના ફુંફાડાથી જ લોકોને ચક્કર આવવા લાગશે. કુમાર કહે તારી પાસે ગમે તેવો ભયંકર ઝેરીલો સર્પ હોય તે કાઢ. મારી પાસે એવી જડીબુટ્ટી છે કે ભયંકર નાગનું ઝેર પણ ચડી શકતું નથી. માટે તું નિર્ભય થા ને તારા નાગને બહાર કાઢ.

મદારીએ ભયંકર નાગને બહાર કાઢ્યો. ત્યાં તેના ફુંફાડાથી જ લોકોને ચક્કર આવવા લાગ્યા. નાગદત્ત તેની સાથે ક્રિડા કરવા જાય છે ત્યાં તો નાગ તેને કરડ્યો ને કુમારને તુરત ઝેર ચડી ગયું અને લોકોમાં હાહાકાર મચી ગયો અને મંત્ર-તંત્રવાદીઓને બોલાવ્યા પણ કોઈથી ઝેર ઉતર્યું નહીં. રાજા ગભરાઈને મદારીને કહે છે કે તારી પાસે કોઈ મંત્ર આદિ હોય તો તું ઝેર ઉતાર! મદારી કહે કે હું પ્રયત્ન કરી જોઉં પણ જો રાજકુમાર બચી જાય તો તેને મોક્ષ દેનારી જિનદીક્ષાની રજા આપવી પડશે. રાજા કહે કે ભલે જો કુમાર બચી જાય તો હું તેને જિનદીક્ષા લેવા આજ્ઞા આપીશ.

મદારી મંત્ર ભણીને ઝેર ઉતારે છે ને કુમાર જાગૃત થાય છે. પિતાએ કુમારને જિનદીક્ષાની આજ્ઞાના વચનની વાત કરી. કુમાર જિનદીક્ષા લેવાની વાત સાંભળી અતિ પ્રસન્ન થાય છે. ત્યારે મદારીએ પોતાનું દેવનું રૂપ ધારણ કરીને સ્વર્ગમાં બન્ને મિત્રો વચ્ચે થયેલી પ્રતિજ્ઞાની વાત કરી તે સાંભળી નાગદત્તે બહુ જ પ્રસન્ન થઈ દેવનો ઉપકાર માન્યો અને પોતે યમધર મુનિરાજ પાસે દીક્ષા લીધી. નાગદત્તમુનિ કઠિન તપસ્યા કરવા લાગ્યા ને જિનકલ્પી એકલ વિહારી મુનિ થયા.

એક દિવસ યાત્રા કરવા નીકળતા રસ્તામાં ભયંકર જંગલ આવ્યું. તેમાં ડાકુઓનો મોટો અડ્ડો હતો. ડાકુઓએ મુનિને જોયા અને તેમને થયું કે આ મુનિ કોઈને વાત કરી દેશે ને અમારું ગુપ્ત સ્થાન જાહેર થઈ જશે. તેમ વિચારીને ડાકુઓ મુનિ નાગદત્તને તેના સરદાર પાસે પકડીને લઈ ગયા. ડાકુ સરદારે મુનિને જોતાં જ કહ્યું કે અરે! તમે મુનિરાજને કેમ પકડીને લાવ્યા છો! એ તો શત્રુ-મિત્ર પ્રત્યે સમભાવી હોય છે. તેમને જલદી છોડી દ્યો! ડાકુઓએ તુરત મુનિને છોડી દીધા. મુનિ ત્યાંથી ચાલી નીકળે છે. ત્યાં તુરત નાગદત્તમુનિની માતા નાગદત્તા કેટલાક અંગરક્ષકો સાથે પોતાની પુત્રીને કૌશમ્બીના શેઠ જિનદત્તના પુત્ર ધનપાલ સાથે પરણાવવા લઈ જતાં રસ્તામાં મળે છે. મુનિને વંદન કરી સુખશાતા પૂછે છે અને પૂછે છે કે આગળનો માર્ગ ભયરહિત છે ને? મુનિ તેનો કાંઈ પણ ઉત્તર આપ્યા વિના ચાલ્યા જાય છે.

નાગદત્તા પુત્રીને લઈને આગળ જાય છે ત્યાં ડાકુઓ આવીને હુમલો કરીને નાગદત્તાને લૂંટી લ્યે છે તથા મા-દીકરીને પકડીને પોતાના સરદાર પાસે લઈ જઈને વાત કરે છે કે તે મુનિરાજને છોડીને અમે જંગલમાં આમ તેમ ફરતાં હતાં ત્યાં આ બે મા-દીકરીએ મુનિરાજના દર્શન કર્યાં ને આ બાજુ આગળ વધી તોપણ મુનિરાજે આ બાજુ ડાકુઓ વસે છે તેમ ન કહ્યું. અમે રાજકન્યા ઝવેરાત આદિ દેખીને લૂંટીને તમારા માટે

આ રાજકન્યા પકડીને લાવ્યા છીએ. ત્યારે ડાકુ સરદારે કહ્યું કે જુઓ! મેં કહ્યું હતું ને!—કે મુનિ તો સર્વ જીવો પ્રત્યે સમભાવી હોય છે. મુનિરાજના દર્શન કરનાર આ માતા–પુત્રીને પણ તેમણે એમ ન કહ્યું કે આગળ ડાકુઓનો ભય છે. કેમ કે પ્રચુર સ્વસંવેદનમાં ઝૂલતાં વીતરાગી સંતને ડાકુ હો કે મિત્ર હો સર્વ પ્રત્યે સમભાવ વર્તે છે ઈત્યાદિ.

મુનિરાજની પ્રશંસા સાંભળીને મુનિરાજની માતા નાગદત્તા ખૂબ ક્રોધિત થાય છે કે અરે! મારા પુત્રને મેં દર્શન કરીને પૂછ્યું કે આગળ માર્ગમાં ભય નથી ને?—છતાં મને પણ વાત ન કરી? ને અમને આ મોતના મુખમાં જવા દીધા! ધિક્કાર છે કે આવા નિષ્ઠુર-નિર્દય પુત્રને મેં જન્મ આપ્યો! આ કરતાં તો પુત્ર જ ન થયો હોત તો સારું હતું...ઈત્યાદિ કલ્પાંત કરવા લાગી ને પોતાના પેટમાં છરી મારવા તૈયાર થાય છે. તે જોઈને સરદાર ગદ્‌ગદ્ થઈને માતા નાગદત્તાના પગમાં પડે છે ને કહે છે કે માતા! તું નાગદત્તમુનિની જ માતા નહિ પણ અમારી માતા છો. માતા ધન્ય છે તને કે તેં આવા ઉત્તમ મુનિરાજને જન્મ દીધો છે. એમ કહીને ડાકુ સરદારે લૂંટેલું ધન અને રાજકન્યા માતાને સોંપીને ક્ષમા માગે છે.

મુનિરાજ નાગદત્તના વીતરાગી સામ્યભાવનો મહિમા ડાકુઓ કરે છે કે અહો! ધન્ય તે મુનિરાજ નાગદત્ત ને ધન્ય તે મુનિદશા! જુઓ તો ખરા! પોતાની જનેતાના પૂછવા છતાં સ્હેજે સાવધાન પણ કરતા નથી કે આગળ ડાકુઓ છે! ચૈતન્યસ્વરૂપમાં ઝૂલતાં વીતરાગી નિર્લેપ મુનિરાજને તો જનેતા હો કે ડાકુ હો, કોઈ પ્રત્યે સ્હેજે રાગ-દ્વેષ હોતા નથી. પોતાની જનેતા ડાકુ તરફ ન જાય તો ઠીક—એવો વિકલ્પ સુદ્ધા જેમને હોતો નથી એવા સમભાવી વીતરાગી સંત મુનિવરને ધન્ય છે. ઈત્યાદિ મુનિદશાનો મહિમા કરતાં કરતાં મુનિરાજ પાસે જઈને દીક્ષા અંગીકાર કરે છે અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરી ઘોર તપ કરી ઘાતિકર્મ નાશ કરી નાગદત્તમુનિ અને ડાકુ સરદાર સૂરદત્ત કેવળજ્ઞાન પામે છે અને પછી આઘાતિકર્મનો નાશ કરીને મોક્ષ પામે છે. ધન્ય મુનિરાજને ને તેમની મુનિદશાને કે જેમનો વીતરાગી સામ્યભાવ દેખીને ક્રુર પરિણામી ડાકુ પણ મુનિ થઈને મોક્ષ પામે છે.

*—નાગકુમાર ચરિત્રમાંથી*

[તા. ૮-૧૨-૯૯]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | |
|---|---|
| પ્રાતઃ | : પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ | : જિનેન્દ્ર-દર્શન પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું આધ્યાત્મિક ટેપ-પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૪૫ | : શ્રી પંચાસ્તિકાયસંગ્રહ ઉપર પુરુષો માટેનો શિક્ષણવર્ગ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : શ્રી પ્રવચનસાર ઉપર શાસ્ત્ર-વાંચન |
| બપોરે પ્રવચન પહેલાં | : પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની સ્તુતિ |
| બપોરે પ્રવચન પછી | : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૧૫ થી ૪-૪૫ | : જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૪૫ થી ૮-૪૫ | : પૂજ્ય ગુરુદેવશ્રીનું 'શ્રી કળશટીકા' ઉપર ભાવવાહી ટેપ-પ્રવચન |

★ સમયસાર-યુગપ્રવર્તક આપણા પરમ તારણહાર પરમોપકારી વ્હાલા ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૯મી પુણ્યસમાધિનો વાર્ષિક દિન વિ. સં. ૨૦૫૬, કારતક વદ ૭, સોમવાર, તા. ૨૯-૧૧-૯૯ના રોજ હતો. પરમ કલ્યાણમૂર્તિ કૃપાળુ ગુરુદેવના દુઃખદ વિરહના આ સાંવત્સરિક સમાધિદિન નિમિત્તે તા. ૨૫-૧૧-૯૯, ગુરુવારથી તા. ૨૯-૧૧-૯૯, સોમવાર—એમ પાંચ દિવસ સુધી ધાર્મિક કાર્યક્રમ—શ્રી પંચપરમેષ્ઠીમંડલવિધાનપૂજા, જિનેન્દ્રભક્તિ, ગુરુભક્તિ, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મરસ ઝરતાં ટેપ તથા વિડિયો પ્રવચન, પૂજ્ય બહેનશ્રીની વિડિયો-તત્ત્વચર્ચા અને સમાગત વિદ્વાનોના શાસ્ત્રપ્રવચન વગેરે વિવિધ કાર્યક્રમ—રાખવામાં આવ્યા હતા. બહારગામથી ૧૦૦૦થી વધુ મહેમાનો આવ્યા હતા.

આ વખતે પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ, દેવલાલી દ્વારા, પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રભાવનાયોગે સૌરાષ્ટ્ર-ગુજરાતમાં નવનિર્મિત શ્રી દિગમ્બર જિનમન્દિરોના દર્શન માટે, આયોજીત 'કહાનગુરુ-યાત્રાસંઘ' સર્વશ્રી મુકુંદભાઈ ખારા, કાંતિભાઈ મોટાણી, પ્રવિણભાઈ વોરા, સુમનભાઈ દોશી, બલુભાઈ શાહ વગેરે સહિત લગભગ ૬૫૦ મુમુક્ષુઓને લઈને સોનગઢ આવ્યો હતો. તેમાં 'પંડિત ટોડરમલ સ્મારક ટ્રસ્ટ', જયપુરના માનનીય શ્રી નેમિચન્દજી પાટની, ડૉ. હુકમચન્દજી ભારિલ્લ,

પં. રતનચન્દજી ભારિલ્લ, બ્ર. જતીશભાઈ, શ્રી પુનમચંદજી છાબડા, પં. શાન્તિકુમારજી પાટીલ તથા બ્ર. હેમચંદજી 'હેમ', પં. ચંદુભાઈ (ફતેપુર), પં. બાબુભાઈ, પં. ધનસિંહજી (પિડાવા) ઈત્યાદિ કાર્યકર્તા અને લગભગ ૨૦૦ વિદ્યાર્થી પણ સાથે હતા. બધાંને પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી પ્રતિ ખૂબ શ્રદ્ધા-ભક્તિ હતી. પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ ઉપકૃતભાવભીની શ્રદ્ધાંજલિ, આપણાં આદરણીય પંડિતરત્ન શ્રી હિમ્મતલાલભાઈ જે૦ શાહ (ટેપ દ્વારા) પછી શ્રી નેમિચન્દજી પાટની, શ્રી મુકુન્દભાઈ ખારા, પં. હુકમચન્દજી ભારિલ્લ, શ્રી ચિમનભાઈ મોદીએ સમર્પિત કરી હતી. શ્રી મુકુન્દભાઈ ખારાએ પોતાના શ્રદ્ધાંજલિ-વક્તવ્યમાં જાહેર કર્યું હતું કે—દર વર્ષે સમાધિદિન પર અમે બધા સાધનાભૂમિના દર્શન માટે સોનગઢ આવીશું. બધાને પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિના દર્શનથી તેમજ ધર્મવાત્સલ્યપૂર્ણ સાધર્મી-મિલનથી અતિ પ્રસન્નતાની અનુભૂતિ થઈ હતી.

**શ્રી કુંદકુંદ-આચાર્યપદારોહણ દિન :—** માગશર વદ ૮, તા. ૨૯-૧૨-૯૯, બુધવારના રોજ પરમાગમ શ્રી સમયસાર આદિ અધ્યાત્મશ્રુતના પ્રણેતા, પરમ પૂજ્ય ઋષીશ્વર શ્રીમદ્ ભગવત્ કુંદકુંદસ્વામીનો "આચાર્યપદારોહણ દિન" વિશેષ પૂજાભક્તિ અને અધ્યાત્મજ્ઞાનોપાસનાપૂર્વક ઉજવવામાં આવશે.

**ધાર્મિક શિક્ષણવર્ગ :—** નાતાલની રજાઓમાં તા. ૨૪-૧૨-૯૯, શુક્રવારથી તા. ૨-૧-૨૦૦૦, રવિવાર—દસ દિવસ સુધી ધાર્મિક શિક્ષણ રાખવામાં આવશે.

*

❀ સિદ્ધ ભગવાનમાં જેવી સર્વજ્ઞતા, જેવી પ્રભુતા, જેવો અતીન્દ્રિય આનંદ અને જેવું આત્મવીર્ય છે તેવી જ સર્વજ્ઞતા, પ્રભુતા, આનંદ અને વીર્યની તાકાત તારા આત્મામાં પણ ભરી જ છે. ભાઈ ! એકવાર હરખ તો લાવ કે અહો ! મારો આત્મા આવો પરમાત્મસ્વરૂપ છે, જ્ઞાનાનંદની શક્તિથી ભરેલો છે, મારા આત્માની તાકાત હણાઈ ગઈ નથી. અરેરે ! હું હીણો થઈ ગયો, વિકારી થઈ ગયો...હવે મારું શું થશે ! એમ ડર નહિ, મુંઝાઈશ નહિ, હતાષ થા નહિ...એકવાર સ્વભાવનો ઉત્સાહ લાવ...સ્વભાવનો મહિમા લાવીને તારી તાકાતને ઉછાળ.

❀ સિદ્ધ છે તે જાણનાર-દેખનાર છે તેમ તું પણ જાણનાર દેખનાર જ છો. અધૂરા પૂરાનો પ્રશ્ન જ નથી. જાણનાર-દેખનારથી જરીક ખસ્યો એટલે કર્તૃત્વમાં જ ગયો એટલે સિદ્ધથી જુદો પડ્યો. એક ક્ષણ સિદ્ધથી જુદો પડે તે મિથ્યાદષ્ટિ છે તે યથાર્થ વાત છે.

*—અધ્યાત્મરહસ્યોદ્ઘાટક પૂજ્ય ગુરુદેવ*

## ગુજરાતના રાજનગર અમદાવાદ (ખાડિયા) શહેરમાં
## પાર્શ્વનાથ દિગમ્બર જૈન મંદિરમાં વિદેહીનાથ શ્રી સીમન્ધરસ્વામીના

# ❃ સમવસરણ-નિર્માણનો શિલાન્યાસ-મહોત્સવ ❃

સ્વાનુભવમુદ્રિત શુદ્ધ અધ્યાત્મમાર્ગના સ્વર્ણિમ-યુગપ્રવર્તક આપણા પરમતારણહાર પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમજ સ્વાનુભવવિભૂષિત વિશિષ્ટોપકારી પૂજ્ય બહેનશ્રી ચમ્પાબેનના ધર્મોપકારપ્રતાપથી ગુજરાતપ્રદેશની રાજધાની અમદાવાદ (ખાડિયા) શહેરમાં, પૂજ્ય ગુરુદેવશ્રીના કરકમલથી પ્રતિષ્ઠિત શ્રી પાર્શ્વનાથ દિગમ્બર જૈનમંદિરના ઉપરના માળે, પૂજ્ય ગુરુદેવ તેમજ પૂજ્ય બહેનશ્રીના પરમોપકારી વિદેહીનાથ શ્રી સીમંધરભગવાનની શ્રમણસભામાં ભગવત્કુન્દકુન્દાચાર્યદેવની ખડગાસન પ્રતિમાયુક્ત—સંગેમરમરનિર્મિત ભવ્ય સમવસરણનું નવનિર્માણ, શ્રી સીમન્ધરસ્વામી વગેરે વીસ વિરહમાન વિદેહી જિનેન્દ્રોના વીતરાગભાવવાહી ભવ્ય જિનબિમ્બ તેમજ નીચે વિશાળ સ્વાધ્યાયકક્ષમાં પરમપૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની સંગેમરમર નિર્મિત પ્રવચનભાવવાહી ભવ્ય પ્રતિમા (સ્ટેચ્યૂ)ના સંસ્થાપન કરવાનું અમારા મુમુક્ષુમંડળ દ્વારા નક્કી કરવામાં આવ્યું છે. આ ભવ્ય સમવસરણના શિલાન્યાસની મંગલ વિધિ વિ. સં. ૨૦૫૬, માગશર સુદી ૩, શુક્રવાર, તા. ૧૦-૧૨-૯૯ના શુભ દિવસે પ્રાતઃ ૧૦-૩૦ કલાકે મુંબઈ (સાયન) નિવાસી શ્રી શાન્તિલાલ રતિલાલ શાહ પરિવાર—હા૦ શ્રી શારદાબેન, સુપુત્ર શ્રી નેમીશભાઈ, તદ્ધર્મપત્ની શ્રીમતી રેખાબેન તેમજ શ્રી કેતનભાઈ, તદ્ધર્મપત્ની શ્રીમતી કવિતાબેન વગેરે—ના શુભ હસ્તે અત્યંત આનન્દોલ્લાસ સાથે સમ્પન્ન થશે. ગુજરાતની રાજધાની અમદાવાદમાં સર્વપ્રથમ નિર્માણ થનાર આ ભવ્ય સમવસરણના શિલાન્યાસની આ મંગલ વિધિના શુભાવસર પર સમસ્ત મુમુક્ષુ ભાઈ-બહેનોને અમદાવાદ પધારવા માટે અમારા મુમુક્ષુમંડળના તરફથી અતિ ભાવભર્યું હાર્દિક નિમન્ત્રણ છે.

*નિમન્ત્રક—*

*શ્રી દિગમ્બર જૈન મુમુક્ષુમંડળ, અમદાવાદ (ખાડિયા),*

*અધ્યક્ષ—અમૃતલાલ મલુકચન્દ ઝોબાલિયા*

ખુશ-ખબર ! આનન્દ-સમાચાર !

## જિનેન્દ્રભક્તિનો અનુપમ-અવસર !

## પંડિતરત્ન શ્રી હિમ્મતલાલભાઈની અધ્યાપન-કર્મભૂમિ સુરત (ગુજરાત) શહેરમાં

# શ્રી દિગમ્બર જિનબિમ્બ-પંચકલ્યાણક-પ્રતિષ્ઠામહોત્સવ

અત્યંત આનન્દોલ્લાસ સાથે નિવેદન છે કે પરમોપકારી પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમજ પ્રશમમૂર્તિ સ્વાનુભવવિભૂષિત પૂજ્ય બહેનશ્રી ચમ્પાબેનના પુનિત ધર્મોપકારપ્રતાપથી ગુજરાતરાજ્યના સુરત શહેરમાં—કે જ્યાં પૂજ્ય બહેનશ્રીએ, નિર્મળ સમ્યગ્દર્શનપૂર્વક નિજ શુદ્ધાત્માનુભૂતિ પ્રગટ કર્યા પછી, ચાર માસ સુધી પોતાના મોટા ભાઈ પંડિતજીના ઘરે રહી, આત્મસાધનામાં અભિવૃદ્ધિ કરી હતી, અને જ્યાં આદરણીય પંડિતજીએ પરમાગમ સમયસારનું સાંગોપાંગ ગુજરાતી ગદ્યપદ્યાનુવાદ તેમજ સમયસાર-સ્તુતિ, સમવસરણ-સ્તુતિ વગેરે અનેક ગદ્યપદ્યમય ભવ્ય રચનાઓ કરી હતી એવી ઐતિહાસિક નગરીમાં—પૂજ્ય ગુરુદેવશ્રીકાનજીસ્વામી-ભક્તગણનિર્મિત શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિરના વિસ્તૃતિકરણ-કાર્યના અંતર્ગત ખડ્ગાસનસ્થ શ્રી આદિનાથ આદિ જિનેન્દ્રભગવંતોની મંગલમયી પ્રતિષ્ઠાનું આયોજન આગામી પોષ શુદ ૧૩, બુધવાર, તા. ૧૯-૧-૨૦૦૦ થી મહા વદ ૬, બુધવાર, તા. ૨૬-૧-૨૦૦૦ આપણા દિગમ્બર જૈન મુમુક્ષુમંડળ દ્વારા નિર્ધારિત કરવામાં આવ્યું છે.

બાહ્યમાં શ્રી જિનેન્દ્રદેવની તેમજ અંતરમાં નિજ શુદ્ધ જ્ઞાયકદેવની અનુપમ મહિમા જગવિદિત કરનાર આપણા પરમ-તારણહાર પરમપૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના તેમજ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચમ્પાબેનના સુવિશુદ્ધ ધર્મપ્રતાપથી સુસમ્પન્ન થનાર આ મંગલ મહોત્સવમાં પધારવા માટે અમારા મુમુક્ષુમંડળ તરફથી સર્વે મુમુક્ષુ સમાજને સાદર તેમજ સહૃદય નિમંત્રણ છે.

[વિધિનાયક શ્રી નેમિનાથના માતા-પિતા તથા સૌધર્મ-ઈન્દ્ર અને શચીઈન્દ્રાણી બનવાનું સૌભાગ્ય અનુક્રમે મંડળના અધ્યક્ષ શ્રી હરિભાઈ પરબતભાઈ પટેલ તેમજ તદ્ધર્મપત્ની શ્રીમતી શાન્તાબેન તથા શ્રી હર્ષદભાઈ પ્રભુદાસ કામદાર તથા તદ્ધર્મપત્ની શ્રી ઉષાબેનને પ્રાપ્ત થયું છે.

પ્રતિષ્ઠામહોત્સવની મહત્ત્વપૂર્ણ બોલી—ઈન્દ્રો, અહમિન્દ્રો તેમજ કુબેર વગેરેની—પ્રતિષ્ઠોત્સવના પહેલા દિવસે (પોષ સુદ ૧૩, બુધવાર, તા. ૧૯-૧-૨૦૦૦ના દિવસસે) તથા પ્રતિષ્ઠામંડપમાં શ્રી વિધિઅધ્યક્ષ શ્રી જિનબિમ્બ બિરાજમાન કરવાની, ધર્મધ્વજારોહણ તેમજ પંચપરમેષ્ઠિમંડલવિધાનપૂજાના ઈન્દ્રોની બોલી તા. ૧૮-૧-૨૦૦૦, મંગળવારના દિવસે બોલવામાં આવશે.]

*નિમન્ત્રક—*

*શ્રી દિગમ્બર જૈન મુમુક્ષુમંડળ, સુરત,*

*અધ્યક્ષ—હરિભાઈ પરબતભાઈ પટેલ*

## ચૈતન્ય સ્વયં પ્રકાશસ્વભાવી હોવાથી પર સંબંધીના પોતાના જ્ઞાનને પ્રકાશે છે, પરને પ્રકાશતો નથી.

શ્રોતા :–રાગાદિકનું ને જ્ઞાનનું ઉપજવું એક જ ક્ષેત્રમાં ને એક જ સમયે થતું હોવાથી તે બન્નેની ભિન્નતા કેવી રીતે છે ?

પૂજ્ય ગુરુદેવ :–જે સમયે અને જે ક્ષેત્રે રાગાદિકનું ઊપજવું થાય છે તે જ સમયે અને તે જ ક્ષેત્રે જ્ઞાનનું ઊપજવું થતું હોવાથી અજ્ઞાનીને ભ્રમથી તે બન્ને એક હોય તેમ લાગે છે પણ તે બન્નેના સ્વભાવો જુદા જુદા છે, એક નથી. બંધનું લક્ષણ રાગાદિ છે અને ચૈતન્યનું લક્ષણ જાણવું છે. એમ બન્નેના લક્ષણો ભિન્ન છે. રાગાદિકનું ચૈતન્યની સાથે એક જ સમયે ને એક જ ક્ષેત્રે ઊપજવું થાય છે તે ચૈત્ય–ચેતક—જ્ઞેય–જ્ઞાયક ભાવની અતિ નિકટતાથી થાય છે પણ એક દ્રવ્યપણાના લીધે નથી થતું. જેમ પ્રકાશવામાં આવતાં ઘટપટાદિ પદાર્થો દીપકના પ્રકાશપણાને જાહેર કરે છે, ઘટપટાદિને નહિ. તેમ જાણવામાં આવતાં રાગાદિક ભાવો આત્માના જ્ઞાયકપણાને જ પ્રસિદ્ધ કરે છે, રાગાદિકને નહિ. કેમ કે દીવાનો પ્રકાશ દીપકથી તન્મય છે. તેથી પ્રકાશ દીપકની પ્રસિદ્ધિ કરે છે, તેમ જ્ઞાન આત્માથી તન્મય હોવાથી જ્ઞાન આત્માને પ્રકાશે છે–પ્રસિદ્ધ કરે છે, રાગાદિને નહિ. કામ–ક્રોધાદિ કષાયભાવો જ્ઞાનમાં જણાય છે તે ખરેખર રાગાદિને પ્રકાશતા નથી કેમ કે રાગાદિ જ્ઞાનમાં તન્મય થયા નથી પણ રાગાદિ સંબંધીનું જ્ઞાન પોતાના જ્ઞાનને પ્રકાશે છે. ચૈતન્ય સ્વયં પ્રકાશસ્વભાવી હોવાથી પર સંબંધીના પોતાના જ્ઞાનને પ્રકાશે છે, પરને પ્રકાશતો નથી. પહેલાં કહ્યું કે આત્મા પરને પ્રકાશે છે; પણ તે વ્યવહારથી વાત કરી. ખરેખર તો પર સંબંધીના પોતાના જ્ઞાનને જ પ્રકાશે છે. આ બધી જગતની ચીજો છે તે જ્ઞાનપ્રકાશમાં આવતી નથી અને જ્ઞાનપ્રકાશ જગતની ચીજોમાં જતો નથી. જગતની ચીજો છે તે સંબંધીની પોતાની પરપ્રકાશકતા જ્ઞાનપ્રકાશને જ પ્રકાશે છે. આથી સિદ્ધ થયું કે બંધસ્વરૂપ રાગાદિના અને પ્રકાશસ્વરૂપ જ્ઞાનના લક્ષણો જુદા હોવાથી તેમને એકપણું નથી. તે બંનેના સ્વલક્ષણો જુદા જુદા જાણીને ભગવતી પ્રજ્ઞાછીણીને તે બંનેની અંતરંગ સાંધમાં પટકવાથી એટલે કે જ્ઞાનને આત્માની સન્મુખ વાળવાથી રાગથી ભિન્ન ચૈતન્યના અતીન્દ્રિય આનંદને અનુભવાય છે.

*—પુરુષાર્થમૂર્તિ પૂજ્ય ગુરુદેવ*

# * પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર *

* તારી મતિ-શ્રુતજ્ઞાનની પર્યાય જે પર તરફ ઝૂકેલી છે તેને, પ્રથમ શ્રુતજ્ઞાનના બળ વડે જ્ઞાનસ્વભાવી આત્માનો દૃઢ નિર્ણય કરીને, અંદર જ્યાં પરમાત્મસ્વરૂપ પ્રભુ બિરાજે છે ત્યાં વાળ, તેની સન્મુખ કર. એમ કરવાથી તને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થશે. ભાઈ ! પહેલાં તો ભવનો ડર હોવો જોઈએ. ભવભીરું જીવને જ્ઞાની ગુરુ કહે છે : ભાઈ ! તારી ચીજ પુણ્ય-પાપના વિકલ્પોથી રહિત એવી ને એવી અંદર પડી છે. એકવાર પ્રસન્ન થઈને જો કે—અહા ! આવી ચીજ મેં ક્યારેય નજરમાં લીધી નહોતી. પર્યાયની સમીપ અંદર પ્રભુ બિરાજે છે ત્યાં નજરને—મતિ-શ્રુતની પર્યાયને—લઈ જા, ત્રિકાળી ધ્રુવને ધ્યેય બનાવી દે, તો તને આત્માનાં દર્શન થશે; અને તને વિસ્મય થશે કે—'ઓહો ! આ હું ? આવા આત્માના દર્શન માટે મેં કદી ખરું કુતૂહલ જ કર્યું નથી.' ૧૫૮.

* સર્વજ્ઞના અસ્તિત્વને સિદ્ધ કરીને તારી પ્રગટ પર્યાયમાં સિદ્ધપણું નથી તેમાં સિદ્ધોને સ્થાપીએ છીએ તેથી તું સિદ્ધનું લક્ષ કરીને અમને સાંભળજે, તું જરૂર સિદ્ધ થઈશ. વર્તમાન પર્યાય અલ્પજ્ઞ હોવા છતાં તું શ્રોતા તરીકે સાંભળવા આવ્યો છો તો તારી પર્યાયની એટલી તાકાત હું જોઉં છું—મારા જ્ઞાનમાં એમ આવ્યું છે કે તું અનંતા સિદ્ધોને સ્થાપી શકે તેમ છો ! અને તું પણ તેમ જોઈ શકે છો ! આહાહા ! 'वंदित्तु सव्वसिद्धे' નો આ ભાવ તો જુઓ ! અનંતા સિદ્ધોને તારી પર્યાયમાં સ્થાપીએ છીએ, તું નહીં રાખી શકે એ પ્રશ્ન જ નથી. અનંતા સિદ્ધોને તારી પર્યાયમાં સ્થાપીએ છીએ તેથી તારું લક્ષ અલ્પજ્ઞપણે નહીં રહી શકે, તારું લક્ષ સર્વજ્ઞ ઉપર રહેશે. માટે સર્વજ્ઞ ઉપર લક્ષ રાખીને અમને સાંભળજે. ૧૫૯.

* જગતની જે ચીજ જે કાળે જેમ પરિણમવાની છે તે તેમ જ પરિણમશે, તેનો તો જીવ કર્તા નથી પરંતુ જે પર્યાય થાય—નિર્મળ પર્યાય થાય તેનો પણ કર્તા નથી. તે પર્યાય પણ ક્રમબદ્ધ થાય છે. ચૈતન્યને જાણતું જે જ્ઞાન પ્રગટ થાય છે તે પણ ક્રમબદ્ધ થાય છે, તેનો કર્તા પણ ધ્રુવતત્ત્વ નથી. પોતે જ્ઞાનસ્વરૂપ છે એવી દૃષ્ટિ થતાં તે કાળે બાહ્યમાં જગતના જે પરિણામ થાય છે તે ક્રમબદ્ધ થાય છે તેમ તે જાણે છે ને તે જાણવાની પર્યાય પણ ક્રમબદ્ધ થાય છે, તેનો પણ ત્રિકાળી જીવ કર્તા નથી. જગતના પરિણામ—ક્રિયા તો ક્રમબદ્ધ છે જ પણ સ્વરૂપની દૃષ્ટિ કરતાં જગતના પરિણામને ક્રમબદ્ધ જાણનાર જ્ઞાનની જે પર્યાય થાય તે પણ ક્રમસર છે તેમ સમ્યગ્જ્ઞાની જાણે છે. ૧૬૦.

*

## ❀ સ્વભાવને યાદ કર ! ❀

ભાઈ ! તું સંસારના પ્રસંગોને યાદ કર્યા કરે છે પણ તું પોતે પૂર્ણાનંદનો નાથ અનંત ગુણરત્નોથી ભરેલો મહાપ્રભુ સદાય એવો ને એવો જ છો તેને યાદ કર ને ! બાયડી છોકરા આદિને આમ રાજી રાખ્યા હતા ને આમ ભોગ-વિલાસ મોજ-મજા માણી હતી તેમ યાદ કર્યા કરે છે, સ્મરણ કરે છો પણ એ તો બધા તને દુઃખના કારણો છે, સુખનું કારણ તો તારો સ્વભાવ છે. તે સદાય શુદ્ધરૂપે એવો ને એવો જ પડ્યો છે. ચાર ગતિઓનાં ભ્રમણ કરવા છતાં તારો સ્વભાવ સુખસાગર એવો ને એવો ભર્યો પડ્યો છે તેને યાદ કર ને ! તેનું સ્મરણ કર ને ! એ એક જ તને સુખ-શાંતિનું કારણ થશે.

—સમ્યક્ત્વરત્નવિભૂષિત પૂજ્ય ગુરુદેવ

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

સ્થળ : જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ,
સોનગઢ–૩૬૪૨૫૦

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]

356 SMT. [illegible] BEN [illegible]MERA
PT. MALVI [illegible]AD,
[illegible]ITABWADI, AJMERA B[illegible]N
[illegible]AGPUR-440012